# સીટી એન્જીનીયરશ્રીની કચેરી

ભાવનગર મહાનગરપાલિકા, ભાવનગર

Phone :- (0278) 2511605 Email :- city.bmc@gmail.com

आज़ादी का अमृत महोत्सव

સી.ઇ.ક.જા.નં.: 527

તારીખ: 11/03/2025

સીટી એન્જીનીયરશ્રીની કચેરી,
ભાવનગર મહાનગરપાલિકા,
તા. 11 / 03 / 2025

## પ્રેસનોટ

આથી શહેરના સુજ્ઞ નાગરીકોને જાણ કરવામાં આવે છે કે, તાજેતરમાં હોળીનો પવિત્ર ઉત્સવ આવી રહેલ છે. આ ઉત્સવ દરમિયાન શહેરમાં જાહેરમાં રસ્તાઓ પર હોળી પ્રગટાવી ઉત્સવ ઉજવવામાં આવે છે. ડામર કાર્પેટના રોડ ઉપર હોળી પ્રગટાવવાથી અગ્નિનાં કારણે ડામર પીગળી બળી જવાથી રસ્તાની સપાટીને નુકશાન થાય છે અને જાહેર મિલકતને પણ નુકશાન થાય છે. ભાવનગર શહેરની ધર્મપ્રિય જનતાને આ પ્રસંગે જાહેર હિતમાં અપીલ કરવામાં આવે છે કે, આવા જાહેર રોડને નુકશાન ન થાય તે હેતુથી હોળી ડામર રોડથી નીચેના ભાગે કાચા રોડમાં બનાવી પ્રગટાવવા, અથવા તેવી જગ્યા ન હોય તેવા સંજોગોમાં જ રોડ પર માટીનું જાડું લીપણ કરી તેના પર ઈંટના ત્રણ થર બનાવી તેના ઉપર હોળી બનાવી પ્રગટાવવા જાહેર જનતાને વિનંતી કરવામાં આવે છે. જેથી રોડ કાર્પેટને થતું નુકશાન મહદઅંશે અટકાવી શકાય. આ અંગે ધુળેટી એ રંગોનો તહેવાર છે આથી આ તહેવારને તિલક ધુળેટીથી ઉજવણી અને કેમીકલ રંગોનો ઉપયોગ ન કરતા કુદરતી રંગ દ્વારા ઉજવણી કરીએ. આ ઉપરાંત ઉત્સવની ઉજવણી પાણીથી ન કરતાં માત્ર કુદરતી રંગથી કરી, અમુલ્ય પાણીની પણ બચત થાય છે. ભાવનગર શહેરની ધર્મપ્રિય તથા શહેરના હિતમાં જાગૃત જનતાને નમ્ર વિનંતી અને અપીલ કરવામાં આવે છે.

ઉપરોક્ત જાહેર હિતની બાબતે સંબંધકર્તા/આયોજકોએ નોંધ લઈ સહકાર આપવા વિનંતી છે.

---

પ્રતિ શ્રી,
તંત્રીશ્રી,

..............................

..............................

..............................

ઉપરોક્ત પ્રેસનોટ આપના બહોળી પ્રસિદ્ધિ ધરાવતા તા. 12/3/૨૦૨૫નાં દૈનિક પત્રમાં તથા Video ચેનલમાં લોક હિતાર્થે વિના મુલ્યે પ્રસિદ્ધ કરવા વિનંતી છે. (12/3/2025)

એડીશનલ સીટી એન્જીનીયર,
સીટી એન્જીનીયરશ્રીની કચેરી,
ભાવનગર મહાનગરપાલિકા

નકલ રવાના :
1) સંબંધિત ફાઈલે